| કુલ ગુણ | 100 |
|---|---|

# JRCL ખાતાકીય પરીક્ષા- 2024

## PAPER - 1

**પરીક્ષાની તારીખ : ૨૧/૧૨/૨૦૨૪**

**પરીક્ષાનો સમય : સવારે ૧૧:૦૦ થી ૧૩:૦૦**

| કેટેગરી |
|---|
| **A** |

SEAL SEAL SEAL SEAL SEAL SEAL
**JRCL PAPER-1**
SEAL SEAL SEAL SEAL SEAL SEAL

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઇઝરની સહી

| પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ | |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં |
| (2) | મોબાઈલ ફોન, કેલક્યુલેટર, સ્માર્ટ વોચ, પેજર, સ્પાય કેમેરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનુ જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઇ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (6) | ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર **(OMR SHEET)** ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર **(OMR SHEET)** નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં. |
| (9) | પ્રશ્નપત્રની પુસ્તિકામાં કે પ્રશ્નના જવાબ આગળ કોઇપણ પ્રકારની નિશાની કરવી નહી. |
| (10) | આ કસોટી પત્રમાં કુલ -100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, **OMR SHEET** માં વિકલ્પ (B) નું વર્તુળ ઘુંટવાનું (Encode) કરવાનું થાય.<br>Ⓐ ● Ⓒ Ⓓ |
| (11) | પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપત્ર થશે. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. **(NO NEGATIVE MARKING SYSTEM)** |
| (12) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી. |
| (13) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (14) | આ પરીક્ષા માટેનો સમય ૧૨૦ મિનિટનો છે. |

# રફ કામ માટેનું પેઈજ

(1) સાધના ટ્રસ્ટ દ્વારા નવી શાળા માટે કરેલ અરજી બૉર્ડ દ્વારા નામંજુર કરેલ છે. ટ્રસ્ટ કોને કેટલા સમયમાં અપીલ કરી શકશે ?

(A) બૉર્ડના અધ્યક્ષને એક માસમાં
(B) રાજ્ય સરકારને એક માસમાં
(C) રાજ્ય સરકારને 45 દિવસમાં
(D) બૉર્ડના અધ્યક્ષને 45 દિવસમાં

(2) માધ્યમિક શિક્ષણ અધિનિયમ કઈ તારીખના રોજ ગેઝેટ (રાજપત્ર)માં પસિદ્ધ થયો ?

(A) તા. 28-09-1972
(B) તા. 28-09-1973
(C) તા. 23-10-1973
(D) તા. 14-03-1973

(3) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમની કલમ - 2 ની વ્યાખ્યા મુજબ "રજીસ્ટર" એટલે ?

(A) ભરતી માટે અનામતનું રજીસ્ટર
(B) શાળાનું જનરલ રજીસ્ટર
(C) બૉર્ડનું નોંધણી રજીસ્ટર
(D) DEO કચેરીનું ગ્રાન્ટ ફાળવણીનું રજીસ્ટર

(4) બૉર્ડ રજીસ્ટ્રેશન માટે આવેલી અરજીઓના સંબંધમાં વિચારણા અને તપાસ કરી અરજી મળ્યાની તારીખથી કેટલી મુદતની અંદર તેનો નિર્ણય કરવો જોઈએ ?

(A) 45 દિવસ
(B) બે માસ
(C) ત્રણ માસ
(D) 6 માસ

(5) શાળાનાં વડાનું નામ તથા સરનામું તેની નિમણૂકની તારીખથી કેટલાં દિવસમાં બૉર્ડની ઓફિસમાં નોંધાવવું જોઈશે ?

(A) 10 દિવસ
(B) 12 દિવસ
(C) 15 દિવસ
(D) 30 દિવસ

(6) અધિનિયમ - 1972 ની કઈ કલમ અંતર્ગત રાજ્ય સરકાર બૉર્ડના હુકમ પર પ્રતિબંધ ફરમાવી શકે ?

(A) કલમ - 48 (1)
(B) કલમ - 48 (3)
(C) કલમ - 48 (6)
(D) કલમ - 48 (7)

(7) ગુજરાત માંધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમની કઈ કલમથી બૉર્ડના સામાન્ય સીલનું સ્વરૂપ નક્કી થયેલ છે ? (સિક્કાનું સ્વરૂપ)

(A) કલમ - 3 (1)
(B) કલમ - 3 (2)
(C) કલમ - 13 (2)
(D) કલમ - 23 (2)

(8) રજીસ્ટર થયેલી શાળાનો કોઈ કર્મચારી, સામાન્ય રીતે શાળાના વડાની પરવાનગી પ્રથમ મેળવ્યા વગર પોતાની ફરજ પર ગેર હાજર રહી શકશે નહિ ?

(A) વિનિયમ - 28 (1)
(B) વિનિયમ - 19 (1)
(C) વિનિયમ - 29 (1)
(D) વિનિયમ - 29 (2)

(9) વિનિયમો - 1974 મુજબ અર્ધા પગારની રજા વધુમાં વધુ મુદત એકી સાથે કેટલા દિવસ પુરતી મર્યાદિત રહેશે ?

(A) 120 દિવસ
(B) 90 દિવસ
(C) 60 દિવસ
(D) 30 દિવસ

(10) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો - 1974 કઈ તારીખથી અમલી બન્યા ?

(A) તા. 16-06-1974 (B) તા. 26-06-1974

(C) તા. 26-03-1974 (D) તા 16-03-1974

(11) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડનું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર કયા વિનિયમ મુજબ આપવામાં આવે છે ?

(A) વિનિયમ - 9/10 (B) વિનિયમ - 9/11

(C) વિનિયમ - 7/10 (D) વિનિયમ - 7/11

(12) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો - 1974 ના વિનિયમ - 35 મુજબ શિક્ષકના નોકરીમાંથી ફરજ મુક્ત થયાનું પ્રમાણપત્ર કયા નમુના મુજબનું હોય છે ?

(A) નમૂના - 07 (B) નમૂના - 08

(C) નમૂના - 09 (D) નમૂના - 10

(13) વિનિયમો - 1974 મુજબ શાળા છોડ્યાનું પ્રમાણપત્ર કયા વિનિયમ મુજબ આપવાનું હોય છે ?

(A) વિનિયમ - 12 (B) વિનિયમ - 13

(C) વિનિયમ - 11 (D) વિનિયમ - 14

(14) વિનિયમો 1974 મુજબ શાળાઓમાં 250 વિદ્યાર્થી દીઠ રમત-ગમતના મેદાન માટે કેટલી જમીન જરૂરી છે ?

(A) 1000 ચો.મી. (B) 1 એકર

(C) 1 વિઘા (D) 10000 ચો.મી.

(15) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડના કોષાધ્યક્ષ તરીકે કોણ કામ કરે છે ?

(A) બૉર્ડના અધ્યક્ષ (B) બૉર્ડના સચિવ

(C) કારોબારી સમિતિ (D) નાણાં સમિતિ

(16) વિનિયમો - 1974 મુજબ કર્મચારી પોતે પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે કોઈ વેપાર યા ધંધામાં રોકાઈ શકે નહિ તે સંદર્ભીત વિનિયમ કયો છે ?

(A) વિનિયમ - 27 - 7 (ક) (B) વિનિયમ - 27 - 8 (ક)

(C) વિનિયમ - 27 - 7 (ખ) (D) વિનિયમ - 28 - 8 (ખ)

(17) વિનિયમો - 1974 અંતર્ગત વિનિયમ - 38 (1) (ખ) (5) શું દર્શાવે છે ?

(A) દાક્તરી તપાસનો નમૂનો (B) સેવા પોથી

(C) રજા હિસાબ (D) ખાનગી અહેવાલ

(18) વિનિયમો - 1974 અંતર્ગત વિનિયમ - 38 (1) (ક) (2) શું દર્શાવે છે ?

(A) સ્ટાફ હાજરી પત્રક (B) વિદ્યાર્થીઓનું હાજરી પત્રક

(C) મંડળના સભ્યોનું હાજરી પત્રક (D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ

(19) વિનિયમો - 1974 મુજબ શાળામાં વર્ગખંડમાં વિદ્યાર્થી દીઠ કેટલા ચોરસ ફુટ જગ્યતા જરૂરી છે ?

(A) 6 ચોરસ ફુટ
(B) 8 ચોરસ ફુટ
(C) 10 ચોરસ ફુટ
(D) 4 ચોરસ ફુટ

(20) વિનિયમો 1974 ના કયા વિનિયમ હેઠળ સંચાલક મંડળ પોતાની સમગ્ર શાળા કે તેનો કોઈ ભાગ વાપરવા દેવાની બૉર્ડને ના પાડી શકે નહિ ?

(A) વિનિયમ - 9 (11) ક
(B) વિનિયમ - 11 (9) ક
(C) વિનિયમ - 9 (12) ક
(D) વિનિયમ - 12 (09) 4

(21) વિનિયમો - 1974 માં વિનિયમ 27 (અ) (2) મુજબ પાયરી ઉતાર કોનો કરી શકાય ?

(A) ફક્ત શૈક્ષણિક કર્મચારી
(B) ફક્ત બિન શૈક્ષણિક કર્મચારી
(C) તમામ સ્ટાફ
(D) ફક્ત પટાવાળા

(22) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ - 1974 માં કુલ કેટલા પ્રકરણ તથા કલમો છે ?

(A) પ્રકરણ - 7 કલમ - 43
(B) પ્રકરણ - 7 કલમ - 44
(C) પ્રકરણ - 7 કલમ - 53
(D) પ્રકરણ - 7 કલમ - 54

(23) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણ અધિનિયમ - 1972 ની કલમ - 36 (1) (ખ) મુજબ તપાસ સમિતિએ પ્રથમ બેઠક મળ્યાના કેટલા દિવસમાં તપાસ પુરી કરવાની રહેશે ?

(A) 180 દિવસ
(B) 30 દિવસ
(C) 150 દિવસ
(D) 145 દિવસ

(24) પરીક્ષા વિનિયમ - 2005 મુજબ શાળાના વડા કઈ તારીખ સુધી વિષય બદલવા દઈ શકે ?

(A) પ્રથમ સત્ર સુધી
(B) 31 ડિસેમ્બર સુધી
(C) 31 ઓગસ્ટથી મોડું નહિ
(D) સમગ્ર વર્ષ દરમિયાન

(25) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમ - 2005 કઈ તારીખથી અમલમાં આવ્યાં ?

(A) તા. 19-01-2006
(B) તા. 19-10-2006
(C) તા. 29-01-2006
(D) તા. 26-10-2006

(26) પરીક્ષા વિનિયમોના અર્થઘટન બાબતે જો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો કોના દ્વારા કરવામાં આવેલું અર્થઘટન આખરી ગણાશે ?

(A) પરીક્ષા સમિતિ
(B) બૉર્ડના અધ્યક્ષશ્રી
(C) બૉર્ડના સચિવશ્રી
(D) કારોબારી સમિતિ

(27) પરીક્ષા વિનિયમો અનુસાર બૉર્ડ દ્વારા લેવાતી પરીક્ષા માટેના કેન્દ્ર તેમજ પેટા કેન્દ્ર કોણ નક્કી કરશે ?

(A) પરીક્ષા સચિવશ્રી
(B) સચિવશ્રી
(C) અધ્યક્ષશ્રી
(D) પરીક્ષા સમિતિ

(28) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમ - 2005 કઈ તારીખથી અમલમાં આવ્યાં ?

(A) તા. 19-05-2006
(B) તા. 29-01-2006
(C) તા. 19-01-2006
(D) તા. 29-05-2006

(29) નીચેના પૈકી અગ્નિ સલામતી પ્રમાણપત્ર માટેની અરજીનો નમૂનો કયો છે ?

(A) નમૂનો ગ - 14
(B) નમૂનો ખ - 14
(C) નમૂનો ક - 14
(D) નમૂનો ઘ - 14

(30) અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક પગલાંના પાલન અંગેનું પ્રમાણપત્ર કયા નમુના મુજબ આપવાનું હોય છે ?

(A) નમૂનો ક - 15
(B) નમૂનો ખ - 15
(C) નમૂનો ઘ - 15
(D) નમૂનો ગ - 15

(31) સરકારશ્રી દ્વારા ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક (સુધારા) નિયમો 2021 ની ત્રીજી અનુસૂચિ મુજબના કયા નિયમની જોગવાઈ મુજબ ફાયર સેફ્ટી સર્ટીફીકેટ (ફાયર NOC) ઈસ્યુ કરવાની જોગવાઈ થયેલ છે ?

(A) નિયમ 21 (1)
(B) નિયમ 22 (1)
(C) નિયમ 23 (1)
(D) નિયમ 23 (2)

(32) 9 મીટર કે 9 મીટર કરતાં ઓછી ઊંચાઈ ધરાવતી શૈક્ષણિક સંસ્થા પૈકી માત્ર ગ્રાઉન્ડ ફ્લોર ધરાવતી શૈક્ષણિક ઈમારતો માટે પ્રત્યેક 1000 ચો.મી. માં કેટલા ફાયર એક્સ્ટીંગ્યુશરની જરૂરીયાત લઘુતમ ફાયર સેફ્ટી માટે રહે છે ?

(A) દરેક માળ પર બે નંગ
(B) દરેક માળ પર એક નંગ
(C) દરેક માળ પર ત્રણ નંગ
(D) ઉપરોક્ત પૈકી કોઈ નહિ

(33) શૈક્ષણિક સંસ્થાઓની ઈમારતોમાં લઘુત્તમ ફાયર સેફ્ટીની સુવિધા માટે ટેરેસ લેવલ પર પાણીની ટાંકીની ક્ષમતા કેટલી હોવી જરૂરી છે ?

(A) 1000 લીટર
(B) 5000 લીટર
(C) 100000 લીટર
(D) 10000 લીટર

(34) શૈક્ષણિક સંસ્થાઓની ઈમારતો લઘુત્તમ ફાયર સેફ્ટીની સુવિધા માટે ટેરેસ લેવલ ફાયર પમ્પની કેપેસીટી કેટલી હોવી જરૂરી છે ?

(A) 350 એલ.પી.એમ.
(B) 450 એલ.પી.એમ.
(C) 550 એલ.પી.એમ.
(D) 250 એલ.પી.એમ.

(35) બોર્ડની કારોબારી સમિતિમાં વર્ગ-બ ચૂંટાયેલા સભ્યોમાંથી બોર્ડ કેટલા સભ્યો નીમવાના હોય છે ?

(A) 2
(B) 3
(C) 4
(D) 5

(36) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક એક્ટ - 1972 મુજબ રજિસ્ટર થયેલી કોઈ ખાનગી શાળાનો વહીવટ રાજ્ય સરકાર પોતાના હસ્તક લઈ શકશે પરંતુ તેવી મુદત એકંદરે ....... વર્ષથી વધુ હોવી જોઈએ નહિ ?

(A) 3
(B) 4
(C) 5
(D) 6

(37) ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે કમ્પ્યૂટર વિષયના શિક્ષકની લાયકાતોની જોગવાઈ કયા વિનિયમ હેઠળ કરવામાં આવેલ છે ?

(A) (20) (5) (2)
(B) (20) (3) (2)
(C) (20) (6) (2)
(D) (20) (8) (2)

(38) વિનિયમો - 1974 મુજબ દૈનિક ગૃહકાર્ય ............ કલાકથી વધુ સમયનું હોવું જોઈએ નહિ ?

(A) 1
(B) 2
(C) 1.5
(D) 2.5

(39) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડની પરીક્ષા સમિતિમાં વર્ગ - ક હોદ્દાની રૂએના સભ્યોમાંથી કેટલા સભ્યો હોય છે ?

(A) 1 (B) 2 (C) 3 (D) 4

(40) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની ભરતી પસંદગી સમિતિના સભ્ય સચિવ કોણ છે ?

(A) નિયામક - શાળાઓની કચેરી
(B) સંયુક્ત નિયામક - શાળાઓની કચેરી
(C) નાયબ નિયામક - શાળાઓની કચેરી
(D) નાયબ સચિવ - શિક્ષણ વિભાગ

(41) પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો 2005 મુજબ સરકારી / સરકારની અનુદાન સહાય લેતી શાળાઓના શિક્ષકોની જ નિમણૂક ............... તરીકે કરી શકાય ?

(A) પ્રાશ્નિક
(B) કૉ-ઓર્ડિનેટર
(C) મૂલ્યાંકનકાર
(D) સુપરવાઇઝર

(42) માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા માટે ઉમેદવારો પ્રશ્નપત્રોના ઉત્તરો (વિકલ્પો) કઈ ભાષામાં આપવાની જોગવાઈ નથી ?

(A) ઉર્દૂ
(B) મરાઠી
(C) તમિલ
(D) કન્નડ

(43) ધોરણ 12 ના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીને સામાન્ય પ્રવાહ પસંદ કરવાની છૂટ જે તે વર્ષની કઈ તારીખ સુધી છે ?

(A) 31 જુલાઈ
(B) 15 ઓગસ્ટ
(C) 31 ઓગસ્ટ
(D) 30 સપ્ટેમ્બર

(44) બિન સરકારી અનુદાનિત શાળાઓમાં ફાજલ સંવર્ગની જગ્યા પોતાના જિલ્લામાં ઉપલબ્ધ ન હોય તો અન્ય જિલ્લામાં સમાવાની કાર્યવાહી નીચેનામાંથી કોણ કરશે ?

(A) જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
(B) કમિશ્નર શાળાઓની કચેરી
(C) ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બૉર્ડ
(D) શિક્ષણ વિભાગ

(45) દિવ્યાંગ વિદ્યાર્થીએ પાસ થવા માટે ઓછામાં ઓછા કેટલા ટકા ગુણ બૉર્ડની પરીક્ષામાં મેળવવાના રહે ?

(A) 20 (B) 25 (C) 27 (D) 30

(46) એક શિક્ષક જાણી જોઈને બૉર્ડની પરીક્ષાની કામગીરીમાં ખોટાં કારણો રજૂ કરી કામગીરી કરવાની ના પાડે છે તો કઈ શિક્ષા થશે નહિ ?

(A) ભવિષ્યના ઈજાફાને અસર ન થાય તે રીતે એક ઈજાફો અટકાવવો.

(B) માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ સામયિકમાં નામ પ્રસિદ્ધ કરવું.

(C) સેવાપોથીમાં કરેલ સજાની નોંધ કરવી.

(D) પરીક્ષાની કામગીરીમાંથી કાયમ માટે બાકાત રાખવા.

(47) બૉર્ડના સચિવની નિમણૂક કોણ કરે છે ?

(A) બૉર્ડના અધ્યક્ષ (B) કારોબારી સમિતિ

(C) રાજ્ય સરકાર (D) બૉર્ડની સાધારણ સભા

(48) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર વિનિયમો - 2005 ના વિનિયમ - 16 મુજબ પરીક્ષા કેન્દ્ર પર ઓછામાં ઓછા કેટલા પરીક્ષાર્થીઓની સંખ્યા હોવી જોઈએ ?

(A) 150 વિદ્યાર્થીઓ (B) 200 વિદ્યાર્થીઓ

(C) 250 વિદ્યર્થીઓ (D) 300 વિદ્યાર્થીઓ

(49) ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમની કલમ 36 (5) મુજબ અધિકૃત અધિકારીએ કરેલા હુકમથી નારાજ થયેલી વ્યક્તિ કોને અપીલ કરી શકે છે ?

(A) બૉર્ડના અધ્યક્ષ (B) સંચાલક મંડળના પ્રમુખ

(C) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી (D) ટ્રિબ્યૂનલ

(50) નીચેનામાંથી કઈ બાબત કારકુની સ્ટાફની ફરજ ગણાતી નથી ?

(A) શિક્ષકોના પેન્શન પેપર્સ તૈયાર કરવા (B) વિકાસ ફંડનો હિસાબ રાખવો

(C) આવક જાવકના પત્રકો તૈયાર કરવા (D) વર્ગખંડમાં શૈક્ષણિક કાર્ય કરાવવું

(51) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ દ્વારા લેવાનાર વિષયોની પરીક્ષા કઈ સમિતિએ નક્કી કરેલ પ્રશ્નપત્રના પરિરૂપ મુજબ લેવામાં આવે છે ?

(A) કારોબારી સમિતિ (B) અભ્યાસ સમિતિ

(C) શૈક્ષણિક સમિતિ (D) પરીક્ષા સમિતિ

(52) શૈક્ષણિક સંસ્થા કેટલા મીટર કે તેથી વધુ ઉંચાઈ ધરાવતી હોય તો ફાયર અધિકારી પાસેથી નિયમોનુસારનું ફાયર સેફ્ટી સર્ટીફિકેટ મેળવવાનું રહે છે ?

(A) 7 મીટર (B) 8 મીટર (C) 9 મીટર (D) 10 મીટર

(53) માધ્યમિક વિભાગમાં શિક્ષકની લાયકાત કયા પરિશિષ્ટથી નક્કી કરવામાં આવેલ છે ?

(A) પરિશિષ્ટ - 3 (B) પરિશિષ્ટ - 6

(C) પરિશિષ્ટ - 7 (D) પરિશિષ્ટ - 8

(54) શાળાના સંચાલકોને નોટિસ આપીને અથવા આપ્યા વગર મુદતે નિરીક્ષણ કરવા અધિકારી કયા વિનિયમ અંતર્ગત આવી શકશે ?

(A) વિનિયમ - 34 (B) વિનિયમ - 37

(C) વિનિયમ - 39 (D) વિનિયમ - 43

(55) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો - 2005 ના સંદર્ભમાં બૉર્ડ દ્વારા કરવામાં આવતા દાવાઓ કે બૉર્ડ ઉપર કરવામાં આવતા દાવાઓ માટે કાયદાકીય અધિકારી કોણ ગણાશે ?

(A) અધ્યક્ષશ્રી (B) સચિવશ્રી

(C) પરીક્ષા સચિવશ્રી (D) મદદનીશ સચિવશ્રી

(56) ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ - 1972 ની કઈ કલમની જોગવાઈ અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ ખુલ્લા બજારમાંથી અથવા બીજી રીતે નાણાં ઊછીના લઈ શકશે ?

(A) કલમ - 19 (B) કલમ - 25 (C) કલમ - 26 (D) કલમ - 27

(57) રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરીના તા. 05-06-2021 ના પરિપત્ર મુજબ જે શૈક્ષણિક સંસ્થા માત્ર ગ્રાઉન્ડ ફ્લોર અને પ્રથમ માળ ધરાવતી હોય તો દરેક માળે કેટલા ચો.મી. વિસ્તારે એક પ્રમાણે હોઝ-રીલ હોઝ એસમ્બલીની વ્યાખ્યા કરવાની થાય છે ?

(A) 1000 ચો.મી. (B) 1200 ચો.મી.

(C) 1500 ચો.મી. (D) 2000 ચો.મી.

(58) એક કે વધારે ફ્લોર પર કેટલા ચો.મી. ક્ષેત્રફળ ધરાવતા શૈક્ષણિક હેતુસરના બિલ્ડીંગને ફાયર પ્રોટેક્શનની જોગવાઈ લાગુ પડે છે ?

(A) 200 ચો.મી. (B) 400 ચો.મી.

(C) 500 ચો.મી. (D) 600 ચો.મી.

(59) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાઓની ઉત્તરવહીઓનું મૂલ્યાંકન કરનાર ...........

(A) મોડરેટર (B) પરીક્ષક

(C) સુપરવાઈઝર (D) કૉ-ઓર્ડીનેટર

(60) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ સંચાલિત પરીક્ષા સબંધી દસ્તાવેજોની વિગતો પ્રગટ કરવા માટેની શિક્ષાની જોગવાઈ ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમની કંઈ કલમમાં દર્શાવેલ છે ?

(A) કલમ - 41 (B) કલમ - 42 (C) કલમ - 43 (D) કલમ - 44

(61) શાળાઓના રજીસ્ટરમાંથી શાળાનું નામ કાઢી નાખવા માટેની તપાસની રીતનો કયાં વિનિયમમાં ઉલ્લેખ છે ?

(A) વિનિયમ - 8 (ગ) (B) વિનિયમ - 9 (ક)

(C) વિનિયમ - 10 (1) (ક) (D) વિનિયમ - 10 (ક)

(62) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડને વિનિયમો કરવાની સત્તા કઈ કલમ હેઠળ આપવામાં આવી છે ?

(A) કલમ - 40 (B) કલમ - 44 (C) કલમ - 52 (D) કલમ - 53

(63) ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમની કલમ - 33 હેઠળ કોઈ પણ શાળાનો વહીવટ વધુમાં વધુ કેટલા વર્ષ સુધી સરકાર પોતાના હસ્તક લઈ શકે છે ?

(A) બે વર્ષ (B) ત્રણ વર્ષ

(C) પાંચ વર્ષ (D) છ વર્ષ

(64) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ - 1972 ની કઈ કલમ હેઠળ રજીસ્ટર થયેલી શાળાના એક ધોરણમાંથી ઉપલા ધોરણમાં લઈ જવા માટે વિદ્યાર્થીઓની કસોટી માટેના ધોરણ નક્કી રે છે ?

(A) 17 (8) (B) 17 (10)

(C) 17 (11) (D) 17 (16)

(65) જો કોઈ ઉમેદવાર પૃથક તરીકે બૉર્ડની જાહેર પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માંગતો હોય તો અગાઉ તેણે પાસ કરેલ વિષયો સિવાયના બૉર્ડ નક્કી કરેલ વિષય માળખા મુજબ વધુમાં વધુ કેટલા વિષયની પરીક્ષા આપી શકશે ?

(A) ચાર વિષય (B) ત્રણ વિષય

(C) બે વિષય (D) એક વિષય

(66) ગુજરાત અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડના અધ્યક્ષ, નાયબ અધ્યક્ષ અને નામ નિયુક્ત કરેલ સભ્યોના હોદ્દાની મુદત અને તેમની સેવાની શરતો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ - 1972 ની કંઈ કલમમાં છે ?

(A) કલમ - 1 (B) કલમ - 5

(C) કલમ - 7 (D) કલમ - 8

(67) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડના નિર્ણયથી નારાજ થયેલી કોઈ વ્યક્તિ જે તારીખે આવા નિર્ણયની તેને જાણ કરવામાં આવે તે તારીખથી કેટલા મહિનાની મુદતની અંદર રાજ્ય સરકારને અપીલ કરી શકશે ?

(A) 1 મહિના (B) 2 મહિના

(C) 3 મહિના (D) 6 મહિના

(68) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડની ચૂંટણી માટેની કાર્યરીતિ કયા વિનિયમમાં સમાવિષ્ટ છે ?

(A) વિનિયમ - 3 (B) વિનિયમ - 5

(C) વિનિયમ - 30 (D) વિનિયમ - 18

(69) શહેરી વિસ્તારમાં નોધાયેલી બિન સરકારી ગ્રાન્ટ-ઇન-એઇડ (અનુદાનિત) શાળાના સ્થળ ફેરફાર માટે 1 કિ.મી. અથવા તેથી ઓછું અંતર હોય તો મંજૂર કરનાર નીચેનામાંથી કોણ રહેશે.

(A) જિલ્લા શિક્ષણાધિકારી (B) કારોબારી સમિતિ

(C) સચિવ, ગુ.મા.ઉ.મા.શિ. બૉર્ડ (D) શિક્ષણ વિભાગ

(70) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યંતમિક શિક્ષણ બૉર્ડમાં ચૂંટાયેલા કે નામ નિયુક્ત થયેલ સભ્ય બૉર્ડની લાગલગાટ કેટલી બેઠકોમાં અધ્યક્ષની પરવાનગી વિના ગેરહાજર રહે તો તેમ થયે તેનો હોદ્દો ખાલી પડશે ?

(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

(71) જૂના શિક્ષકની ભરતી પ્રક્રિયા માટે જાહેરાતની તારીખ વયનિવૃત્તિ માટે કેટલા વર્ષ કરતા ઓછો સમય બાકી હોય તેવા શિક્ષક જૂના શિક્ષક તરીકે ભરતી માટે અરજી કરી શકશે નહિ ?

(A) એક (B) બે (C) ત્રણ (D) પાંચ

(72) અધિનિયમ અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડમાં હોદ્દાની રૂએ નીચેનામાંથી કોણ સભ્ય બની શકતું નથી ?

(A) ઉચ્ચશિક્ષણ કમિશ્નર

(B) નિયામક, પાઠ્યપુસ્તક મંડળ

(C) પ્રાથમિક શિક્ષણ નિયામક

(D) ટ્રિબ્યૂનલના અધ્યક્ષ

(73) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ - 1972 ની કઈ કલમ હેઠળ સ્થાપવામાં આવેલ છે ?

(A) કલમ - 3 (B) કલમ - 4

(C) કલમ - 10 (D) કલમ - 15

(74) ફાજલ કર્મચારીને અન્ય શાળામાં સમાવવાની કાર્યવાહી કોના દ્વારા કરવામાં આવે છે ?

(A) જિલ્લા શિક્ષણાધિકારી (B) સચિવશ્રી ગુ.મા. અને ઉ.મા.શિ. બૉર્ડ

(C) સંચાલક મંડળ (D) આચાર્યશ્રી

(75) જો કોઈ ઉમેદવારનું પ્રમાણિત હસ્તાક્ષરવાળુ પ્રવેશપત્ર કોઈ કારણસર ખોવાઈ ગયેલ હોય તો નીચેનામાંથી કોણ ઉમેદવારનું ઝેરોક્ષ પ્રવેશપત્ર પ્રમાણિત કરી આપશે ?

(A) જિલ્લા શિક્ષણાધિકારી (B) શાળાના વડા

(C) સંચાલક મંડળ (D) વર્ગ શિક્ષક

(76) ગુજરાત માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડની તાકીદની સભા જરૂરી લાગે તો કોઈ પણ સમયે બોલાવવાની સત્તા નીચેનામાંથી કોની છે ?

(A) અધ્યક્ષ (B) નાયબ અધ્યક્ષ

(C) સચિવ (D) નાયબ નિયામક

(77) બૉર્ડની કારોબારી સમિતિ બૉર્ડ ચૂંટેલા કેટલા સભ્યોની બનશે ?

(A) 4 સભ્યો (B) 5 સભ્યો

(C) 7 સભ્યો (D) 8 સભ્યો

(78) દિવ્યાંગ વિદ્યાર્થી પૈકી નાપાસ થતા વિદ્યાર્થીએ અનુત્તીર્ણ થતા વિષય / વિષયોમાં ઓછામાં ઓછા 20 ટકા ગુણ પાસ થવા માટે મેળવવાના રહેશે તેવું ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો - 2005 ના કયા વિનિયમથી નિહિત થયેલું છે ?

(A) વિનિયમ - 37 (B) વિનિયમ - 38

(C) વિનિયમ - 39 (D) વિનિયમ - 40

(79) જો કોઈ વિદ્યાર્થી દ્વારા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો - 2005 ના વિનિયમ 44 કે વિનિયમ - 47 હેઠળ બોર્ડ આપેલ ગુણપત્રક કે પ્રમાણપત્રમાં અનધિકૃત ફેરફાર કે ચેડા કરવામાં આવેલ હોય તો તે ગુણપત્રક / પ્રમાણપત્ર રદ કે જપ્ત કરવાનો અધિકાર કોનો રહેશે ?

(A) સચિવશ્રી

(B) અધ્યક્ષશ્રી

(C) પરીક્ષા સચિવશ્રી

(D) પરીક્ષા સમિતિ

(80) ગુજરાત માધ્યમિક અને ઉ. માધ્યમિક શિક્ષણ વિનિયમો - 1974 મુજબ બોર્ડમાં ત્રીજા વર્ગના કર્મચારીઓ નીમવાની સત્તા કોના હસ્તક છે ?

(A) અધ્યક્ષ | (B) સચિવ

(C) રાજ્ય સરકાર | (D) કારોબારી સમિતિ

(81) વિનિયમો - 1974 મુજબ કઈ સત્તા અધ્યક્ષની નથી ?

1. બોર્ડની તાકીદની સભા બોલાવવી શકશે.

2. પરીક્ષાના કેન્દ્રો પર મુખ્ય સંચાલકની નિમણૂંક કરશે.

3. બોર્ડના સભ્યોના મુસાફરી ભથ્થાંના બિલોની ચૂકવણી મંજુર કરશે.

4. બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષામાં ઉમેદવારોને પ્રવેશ આપવાના કેસોનો નિર્ણય કરશે.

(A) 1 | (B) 2

(C) 3 | (D) 4

(82) વર્ગખંડમાં જેટલા વિદ્યાર્થીઓ માટે જગ્યાની સગવડ હોય તેટલા વિદ્યાર્થીઓ પૂરતું પ્રવેશ આપવાનું મર્યાદિત રહેશે, પરંતુ વધુમાં વધુ વિદ્યાર્થી સંખ્યા ......... રહેશે.

(A) 45 | (B) 50

(C) 55 | (D) 60

(83) 'શાળા નામ ફેરફાર' અંગેની જોગવાઈ કયા વિનિયમમાં છે ?

(A) (10) (3) (અ) | (B) (10) (3) (બ)

(C) (10) (1) (ક) | (D) (10) (2) (અ)

(84) વિદ્યાર્થીની જન્મ તારીખમાં સુધારો કરવા કયો પુરાવો માન્ય નથી ?

1. જન્મ રજિસ્ટરમાંથી પ્રમાણિત ઉતારો

2. રસી મુકાવ્યાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ

3. આધારકાર્ડ

4. મા-બાપ / વાલીએ મેજિસ્ટ્રેટ અથવા નોટરી સમક્ષ કરેલું સોગંદનામું

(A) 1 | (B) 2

(C) 3 | (D) 4

(85) રેકર્ડ અને રજિસ્ટરો જાળવણીની સમય મર્યાદા મુજબ યોગ્ય જોડ બનાવો.

| (A) | (B) |
|---|---|
| 1. શાળા છોડ્યાના પ્રમાણપત્રો | 1. પાંચ વર્ષ |
| 2. શિક્ષકોની લોન બુક | 2. દસ વર્ષ |
| 3. સ્કોલરશીપનો રેકોર્ડ | 3. કાયમી |
| 4. આવક-જાવક રજિસ્ટર | 4. બે વર્ષ |

(A) 1–3, 2–4, 3–2, 4–1
(B) 1–2, 2–4, 3–1, 4–3
(C) 1–3, 2–1, 3–2, 4–4
(D) 1–3, 2–2, 3–4, 4–1

(86) બિન સરકારી માધ્યમિક અને ઉ.મા. માં કામ કરતાં પટાવાળાઓને જુનિયર ક્લાર્કની જગ્યા પર બઢતી આપવા પટાવાળાએ કેટલા વર્ષની સળંગ નોકરી કરેલ હોવી જોઈએ ?

(A) 2
(B) 3
(C) 4
(D) 5

(87) બૉર્ડની પરીક્ષામાં બેસવા માટે 80 % દિવસની હાજરી જોઈએ તેમ છતાં 15 % સુધીની હાજરીની તૂટ માફ કરવાની સત્તા કોની છે ?

(A) આચાર્ય
(B) પરીક્ષા સચિવ
(C) અધ્યક્ષ
(D) ઉપાધ્યક્ષ

(88) બૉર્ડની જાહેર પરીક્ષાના આવેદનપત્રો ભરવાની મુદતથી 30 દિવસ લેઇટ થાય છે. તો કેટલા રૂ. લેઇટ ફી સાથે આવેદનપત્ર ભરી શકાય ?

(A) 100
(B) 200
(C) 500
(D) 750

(89) શિક્ષણ વિનિયમો - 1974 મુજબ અર્ધા પગારની રજા વધુમાં વધુ મુદત એકી સાથે કેટલા દિવસ પૂરતી મર્યાદિત રહેશે ?

(A) 60
(B) 90
(C) 120
(D) 180

(90) વિદ્યાર્થીની 80 % હાજરી પરીક્ષામાં બેસવા માટે અનિવાર્ય છે તેમ છતાં વાજબી કારણો હશે તો કેટલા ટકા હાજરીની તૂટ માફ કરવાની સત્તા બૉર્ડના અધ્યક્ષશ્રીને રહેશે ?

(A) 10 %
(B) 15 %
(C) 20 %
(D) 25 %

(91) ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક (સુધારા) નિયમો 2021 ની ત્રીજી અનુસૂચિ મુજબના બિલ્ડીંગો માટે કયા નિયમ મુજબ ફાયર સેફ્ટી સર્ટીફિકેટ (ફાયર NOC) ઈસ્યુ કરવાની જોગવાઈ થયેલ છે ?

(A) નિયમ - 5
(B) નિયમ - 8
(C) નિયમ - 23
(D) નિયમ - 23 (1)

(92) રજીસ્ટર થયેલી શાળાના દરેક કર્મચારી માટે શાળાના સંચાલકોએ તેની નિમણૂકથી ત્રણ મહિનાની અંદર કયા નમૂનામાં સર્વિસ બુક શરૂ કરવી જોઈએ ?

(A) નમૂનો - 5
(B) નમૂનો - 6
(C) નમૂનો - 7
(D) નમૂનો - 9

(93) રજીસ્ટર્ડ થયેલી શાળાએ વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય અને તબીબી તપાસના રેકર્ડ કેટલા વર્ષ સુધી સાચવવાના હોય છે ?

(A) બે વર્ષ (B) ત્રણ વર્ષ

(C) પાંચ વર્ષ (D) કાયમી

(94) કોઈ શાળાના વર્ગ-4 ના કર્મચારીની જન્મ તારીખ 5-10-1973 છે તો તેમની નિવૃત્તિની કંઈ તારીખ ગણાશે ?

(A) તા. 5-10-2031 (B) તા. 31-10-2031

(C) તા. 31-10-2033 (D) તા. 5-10-2033

(95) બઢતી માટેની ખાતાકીય પરીક્ષામાં એક વિષયમાં નાપાસ હોય અને તે સિવાયના વિષયોમાં 50 % કરતાં વધુ ગુણ હોય તો કેટલા કૃપા ગુણ આપી પાસ કરી શકાય ?

(A) 5 ગુણ (B) 10 ગુણ

(C) 15 ગુણ (D) કોઈ જોગવાઈ નથી

(96) રજીસ્ટર્ડ થયેલી કોઈ પણ શાળામાં કોઈ પણ શિક્ષક કોઈ પણ કારણે કોઈ વિદ્યાર્થીને શારીરિક શિક્ષા કરી શકશે નહીં તેવું કયા વિનિયમમાં દર્શાવેલ છે ?

(A) વિનિમય - 17 (4) (B) વિનિમય - 18 (8)

(C) વિનિયમ - 18 (1) (D) વિનિયમ - 18 (2)

(97) ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને સામાન્ય પ્રવાહ પસંદ કરવાની છૂટ જે તે વર્ષની કંઈ તારીખ સુધી મળે ?

(A) 31 ઓગસ્ટ (B) 30 સપ્ટેમ્બર

(C) સત્રના અંત સુધી (D) 30 જુલાઈ

(98) રજીસ્ટર્ડ માધ્યમિક શાળાના કર્મચારીઓને બરતરફ, પદચ્યુત અને પાયરી ઉતારની જોગવાઈ ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમની કંઈ કલમ હેઠળ કરવામાં આવેલ છે ?

(A) કલમ - 36 (B) કલમ - 37

(C) કલમ - 39 (D) કલમ - 40

(99) જો કોઈ શાળામાં 650 વિદ્યાર્થીઓ હોય તો તે શાળામાં કેટલા જુનિયર કારકુન મળવાપાત્ર થાય ?

(A) જુનિયર કારકુન - 1 (B) જુનિયર કારકુન - 2

(C) જુનિયર કારકુન - 3 (D) જુનિયર કારકુન - 4

(100) બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓની આચાર સંહિતા કયાં વિનિયમમાં સમાવિષ્ટ છે ?

(A) વિનિયમ - 20 (B) વિનિયમ - 18

(C) વિનિયમ - 27 (D) વિનિયમ - 27 (અ)

◆◆◆

# રફ કામ માટેનું પેઇજ

SEAL SEAL SEAL SEAL
PAPER-1

## રફ કામ માટેનું પેઈજ

પરીક્ષા પૂરી થયાબાદ **OMR** શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઈ પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.